**eMAGAZINE**
SURAT MUNICIPAL CORPORATION

Issue 80
Dec. 8, 2006

## વિશ્વ એઈડ્સ દિનનાં કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ મોટી સંખ્યામાં જોડાયા



સુરત મહાનગરપાલિકાના નેતૃત્વ હેઠળ એચ.આઈ.વી./એઈડ્સની અટકાયત અને લોકજાગૃતિ માટે કામ કરતી સહીયોગી અને અન્ય સ્વૈચ્છીક સંસ્થાઓના સંયુકત ઉપક્રમે વિશ્વ એઈડ્સ દિવસ મનાવવામાં આવ્યો. આ પ્રસંગે શહેરની વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ પણ એઈડ્સ વિરૂધ્ધની ઝુંબેશમાં મોટી સંખ્યામાં જોડાયા હતા. લોકજાગૃતિના હેતુથી યોજાયેલ રેલીની શરૂઆત સવારે ૯.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાના અઠવા પાર્ટી પ્લોટ ઉપરથી થઈ હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## એસ.જે.એસ.આર.વાય. અંતર્ગત પૂર પછી પુનઃવર્સનની કામગીરીના ભાગરૂપે ચાલુ વર્ષના લક્ષ્યાંક સિધ્ધ કરવા માટેની બેંકર્સ મીટીંગ યોજાઈ

સુરત મહાનગરપાલિકા, નગર સમુદાય વિકાસ યોજના ધ્વારા કેન્દ્ર સરકાર પુરસ્કૃત " સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના " (એસ.જે.એસ.આર.વાય.)ના તા. ૨૯–૧૧–૨૦૦૬ના રોજ સાંજે ૫.૦૦ કલાકે નવા સ્થાયી સમિતિ હોલ, મુગલીસરા, સુરત મહાનગરપાલિકા ખાતે મા. કમિશનરશ્રી પંકજ જોષીના અધ્યક્ષ સ્થાને બેંકેબલ લોન યોજના પૂર પછી પુનઃવર્સન કામગીરીના ભાગરૂપે તેમજ ચાલુ વર્ષના લક્ષ્યાંક સિધ્ધ કરવા માટેની બેંક મેનેજરશ્રીઓની સામાન્ય બેઠક યોજાઈ હતી.



વધુ માટે કલીક કરો >>>>>>

## તા. ૨–૧૨–૨૦૦૬ થી તા. ૨૦–૧૨–૨૦૦૬ સુધી સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમ ખાતે ટપાલ ટિકિટોનું પ્રદર્શન



સુરત મહાનગરપાલિકા સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમ ખાતે પ્રવાસન વર્ષની ઉજવણીના સંદર્ભે આજરોજ તા. ૨–૧૨–૨૦૦૬ના રોજ " ટપાલ ટિકિટો " નું પ્રદર્શન મા. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીના વરદ હસ્તે ખુલ્લુ મુકવામાં આવ્યું.

વધુ માટે કલીક કરો >>>>>>

## તા. ૪–૧૨–૨૦૦૬ના રોજ ઉધના તથા વરાછા ઝોનમાં સાકારિત થનાર કાંકરાખાડી પુલ અને નાના વરાછા ફલાય ઓવર બ્રીજની ખાતમુહૂર્તવિધિ

સુરત મહાનગરપાલિકા દ્વારા ઉધના તથા વરાછા ઝોનમાં સાકારિત થનાર બ્રીજની ખાતમુહૂર્તવિધિ મેયર ડો. કનુભાઈ જી. માવાણી ના વરદ્હસ્તે તા. ૦૪–૧૨–૨૦૦૬ના રોજ સોમવારે સંપન્ન કરવામાં આવેલ જેનો મુખ્ય સમારોહ સવારે ૧૦.૦૦ કલાકે નાના વરાછા જંકશન, ખાતે રાખવામાં આવેલ.



વધુ માટે કલીક કરો >>>>>>

## ભારત રત્ન ડો. બાબાસાહેબ આંબેડકરની ૫૦મી પુણ્યતિથિની ઉજવણી



ભારત રત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૫૦મી પુણ્યતિથિ નિમિત્તે તા. ૫–૧૨–૦૬ ના રોજ રાત્રે ૮.૦૦ કલાકે ગાંધીસ્મૃતિભવન,ટીમલીયાવાડ,નાનપુરા,સુરત ખાતે ભાવાંજલિ કાર્યક્રમમાં શ્રી અભેસિંહ રાઠોડ,શ્રી પ્રશાંતગીરી ગોસ્વામી વિ.જાણીતા કલાકારોના સથવારે ડાયરો રાખવામાં આવ્યો હતો.

વધુ માટે કલીક કરો >>>>>>

## તા. ૬–૧૨–૨૦૦૬ના રોજ લીંબાયત તથા ઉધના ઝોનમાં સાકારિત થનાર નગર પ્રાથમિક શાળા અને ખરવરનગરની પાછળ ઉદ્યાનની ખાતમુહૂર્તવિધિ તથા રાણી લક્ષ્મીબાઈ ઉદ્યાનની લોકાર્પણવિધિ

સુરત મહાનગરપાલિકા દ્વારા લીંબાયત તથા ઉધના ઝોનમાં સાકારિત થનાર નગર પ્રાથમિક શાળાની ખાતમુહૂર્તવિધિ તથા ઉધના ઝોનમાં સાકારિત થયેલ રાણી લક્ષ્મીબાઈ ઉદ્યાનની લોકાર્પણવિધિ તેમજ ટી.પી. સ્કીમ નં.૬ મજુરા ખટોદરા ફાયનલ પ્લોટ નં.૩૭૦ ખરવરનગરની પાછળ ઉદ્યાનની ખાતમુહૂર્તવિધિ મા. મેયર ડો. કનુભાઈ જી. માવાણી ના વરદ્હસ્તે તા. ૦૬–૧૨–૨૦૦૬ના રોજ બુધવારે સવારે કરવામાં આવેલ.



વધુ માટે કલીક કરો >>>>>>

# વિશ્વ એઈડ્સ દિનનાં કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ મોટી સંખ્યામાં જોડાયા

સુરત મહાનગરપાલિકાના નેતૃત્વ હેઠળ એચ.આઈ.વી./એઈડ્સની અટકાયત અને લોકજાગૃતિ માટે કામ કરતી સહીયોગી અને અન્ય સ્વૈચ્છીક સંસ્થાઓના સંયુકત ઉપક્રમે વિશ્વ એઈડ્સ દિવસ મનાવવામાં આવ્યો. આ પ્રસંગે શહેરની વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ પણ એઈડ્સ વિરૂધ્ધની ઝુંબેશમાં મોટી સંખ્યામાં જોડાયા હતા.

લોકજાગૃતિના હેતુથી યોજાયેલ રેલીની શરૂઆત સવારે ૯.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાના અઠવા પાર્ટી પ્લોટ ઉપરથી થઈ હતી. રેલીનું પ્રસ્થાન સુરત શહેરનાં પ્રથમ નાગરિક અને મા. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીએ લીલી ઝંડી આપી કરી હતી. આ પ્રસંગે વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપરાંત સુરત મહાનગરપાલિકાના મા. કમિશ્નરશ્રી પંકજ જોષી, ડે. કમિશ્નર (હેલ્થ અને હોસ્પીટલ)શ્રી ડો. આઈ. સી. પટેલ, આરોગ્ય અધિકારીશ્રી ડો. હેમંતભાઈ દેસાઈ તથા વિવિધ વિભાગના વડાશ્રીઓ પણ હાજર રહયા હતા.

રેલીમાં વિવિધ સંસ્થાઓ અને કોલેજો ધ્વારા એચ.આઈ.વી./ એઈડ્સના સંદેશ સાથેના ફલોટસ રજૂ કરવામાં આવ્યા હતા. આ રેલીમાં ટોરેન્ટર પાવર વગેરે કંપનીઓના પ્રતિનિધિઓએ પણ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. રેલી અઠવા પાર્ટી પ્લોટથી અઠવાગેટ સર્કલ થઈ ગાંધીસ્મૃતિ ભવન ખાતે સમાપન વિધિ બાદ પૂર્ણ થઈ હતી. સમાપન કાર્યક્રમમાં સુરત શહેરના જાણીતા નાટય નિર્દેશક શ્રી મહેરનોઝ કરંજીયાના જૂથે કોલેજના યુવાનોમાં સેકસ અને એચ.આઈ.વી./એઈડ્સ વિશે પ્રવર્તતી વિવિધ માન્યતા–ગેરમાન્યતાઓને નાટક ધ્વારા ચોટદાર વાચા આપી હતી. આ ઉપરાંત યુનીસેફ ધ્વારા પણ લોકજાગૃતિ નાટક રજૂ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સુરત શહેરના મા. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીએ યુવાનોને એચ.આઈ.વી./એઈડ્સ વિષયક સાચી માહિતી મેળવી તેનો પ્રચાર અને પ્રસાર કરવા માટે અનુરોધ કર્યો હતો અને સાથે જ વર્તમાન સમયમાં શહેર અને દેશમાં આ રોગ સામે સઘન ઝુંબેશમાં જોડાવા આ પ્રમાણે ઉદાહરણ ટાંકયુ હતું. Planting a treein your neighbourhood is a good act; but eduating on person per day about HIV/AIDS is divine act. એટલે કે, આપણાં પાડોશમાં વૃક્ષારોપણ કરવું એ સારું કર્મ કહેવાય પરંતુ દરરોજ એક વ્યકિતને એચ.આઈ.વી./એઈડ્સથી માહિતગાર કરવું એ દિવ્ય કર્મ કહેવાય '' આ કાર્યક્રમમાં આશરે ૧૫૦૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો.



'' એઈડ્સ અટકાવો, વચન પાળો. એચ.આઈ.વી./એઈડ્સનો અટકાવ આપણી સહીયારી જવાબદારી ''

TOP

# એસ.જે.એસ.આર.વાય. અંતર્ગત પૂર પછી પુનઃવર્સનની કામગીરીના ભાગરૂપે ચાલુ વર્ષના લક્ષ્યાંક સિધ્ધ કરવા માટેની બેંકર્સ મીટીંગ યોજાઈ

સુરત મહાનગરપાલિકા, નગર સમુદાય વિકાસ યોજના ધ્વારા કેન્દ્ર સરકાર પુરુસ્કૃત '' સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના '' (એસ.જે.એસ.આર.વાય.)ના તા. ૨૯–૧૧–૨૦૦૬ના રોજ સાંજે ૫.૦૦ કલાકે નવા સ્થાયી સમિતિ હોલ, મુગલીસરા, સુરત મહાનગરપાલિકા ખાતે મા. કમિશ્નરશ્રી પંકજ જોષીના અધ્યક્ષ સ્થાને બેંકેબલ લોન યોજના પૂર પછી પુનઃવર્સન કામગીરીના ભાગરૂપે તેમજ ચાલુ વર્ષના લક્ષ્યાંક સિધ્ધ કરવા માટેની બેંક મેનેજરશ્રીઓની સામાન્ય બેઠક યોજાઈ હતી.

અધ્યક્ષ સ્થાનેથી મા. કમિશ્નરશ્રી પંકજ જોષીએ જણાવ્યું હતું કે, લોકોના સામાજિક, આર્થિક વિકાસમાં બેંકો મહત્વની ભૂમિકા ભજવી રહી છે. લોન લઈ ગરીબ કુટુંબો રોજીરોટી મેળવી આર્થિક રીતે પગભર બની રહયા છે. જે ગૌરવ લેવા જેવી બાબત છે. સુરત શહેરનો છેલ્લા કેટલાક વર્ષોથી પુર ઝડપે વિકાસ થયો છે. રાષ્ટ્રની વિકાસયાત્રામાં સુરત શહેર દરેક ક્ષેત્રે હરણફાળ ભરી છે, અને મોટા ગજાના વિકાસલક્ષી પ્રોજેકટો હાથ ધરી શહેરી ગરીબોના વિકાસમાં સહભાગી રહયું છે. ઝીરો સ્લમ અંતર્ગત શહેરી ગરીબોની પુનઃવર્સન કામગીરીના સાથે સાથે પુનઃસ્થાપન કરી શહેરી ગરીબોના ધંધા રોજગાર માટે લોન લઈ આર્થિક રીતે પગભર બની શકે તે માટે બેંક મેનેજરશ્રીઓ વધુમાં વધુ લોન અરજીઓ મંજૂર કરી સહાનુભૂતિ સાથે સહકાર દાખવે તેવો અનુરોધ કર્યો હતો.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આ યોજનાનો મુળભુત હેતુ સમાજના નબળા લોકો પોતાની કુશળતા અનુરૂપ ધંધો કરતા થાય અને તેના ધ્વારા સમાજ ઉપયોગી કાર્યમાં સામેલ થાય તે હેતુથી નાના ઉદ્યોગો માટે લોન આપવાનો હેતુ છે. જે માટે બેંક મેનેજર અંગત રસ લઈ વધુમાં વધુ રૂા. ૫,૦૦૦ થી રૂા. ૧૦,૦૦૦ની અરજીઓ મંજૂર કરે. જેમાં સબસીડી તેમજ લાભાર્થી ધ્વારા માર્જિન મની જમા કરાવવામાં આવતું હોય આથી બેંકોને વધુ જોખમ રહેતું નથી. શહેરના નાગરિકો મારફત રૂા. ૧,૦૦૦ કરોડની બેંકોને આવક થાય છે, જેમાં શહેરી ગરીબોનું હીત જળવાઈ તે રીતે લોન ફાળવે તો મહત્તમ વિકાસ ગરીબોનો થઈ શકે અને પુરક રોજગારી આપી શકાય.



આસી. કમિશ્નરશ્રી સી. વાય. ભટ્ટ આવકાર પ્રવચન આપતા જણાવ્યું હતું કે, મંજૂર કરવામાં આવેલ અરજીઓ તેમજ બેંક મેનેજર તરફથી જે હકારાત્મક અભિગમ દાખવવામાં આવ્યો છે, તે પ્રસંશનીય છે. પરંતુ મંજૂર અરજીઓની સંખ્યા ગણી ઓછી છે, જેથી સુરતની સામાજિક વિકાસની પ્રક્રિયામાં શહેરી ગરીબોને માટે વધુમાં વધુ અરજીઓ મંજૂર કરી રોજગારી પ્રાપ્ત થાય તેવા પ્રયત્નો તમામે કરવા જોઈએ.

લીડ બેંક મેનેજરશ્રી બી. ડી. પટેલ બેંકમાં મોકલાવેલ અરજીઓની શાખા વાઈઝ છણાવટ કરી તમામ હાજર પ્રતિનિધિઓ પાસે વિગતો મેળવી તેની વિસ્તૃત ચર્ચા કરી દરેકને મહત્તમ લક્ષ્યાંક સિધ્ધ કરવા જરૂરી કાર્યવાહી ત્વરીત કરવા જણાવેલ છે. હાજર પ્રતિનિધિઓ પૈકી કેટલાક પ્રતિનિધિઓએ યુ.સી.ડી. વિભાગના સમાજ સંગઠકો તરફથી પણ સહકાર અને સંકલન વધુ સક્રિય રહે તેવું જણાવેલ. સમાજ સંગઠકો પૈકી શ્રીમતિ જયશ્રીબેન પટેલ, તથા કુ. જયોત્સનાબેન પટેલની સંકલનની સુંદર કામગીરી સરાહનીય હોય મા. કમિશ્નરશ્રી સહિત તેમજ તમામે બિરદાવી હતી.



યુ.સી.ડી. વિભાગના ચીફ પ્રોજેકટ ઓફિસરશ્રી નરેશ વ્યાસે આભાર વિધિ કરતા જણાવ્યું હતું કે, ગત વર્ષ કરતા ચાલુ વર્ષમાં પ્રથમ તબકકામાં સારી કામગીરી કરવામાં આવેલ છે. જે સરાહનીય છે. ડિસેમ્બર–૨૦૦૬ના ત્રીજા સપ્તાહમાં યોજવામાં આવનાર ચેક વિતરણ સમારંભમાં વધુને વધુ અરજીઓ બેંકો ધ્વારા મંજૂર કરી ગરીબોના વિકાસમાં સહયોગી બની શકાય એવી લાગણી વ્યકત કરી હતી.

TOP

## તા. ૨–૧૨–૨૦૦૬ થી તા. ૨૦–૧૨–૨૦૦૬ સુધી સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમ ખાતે ટપાલ ટિકિટોનું પ્રદર્શન

સુરત મહાનગરપાલિકા સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમ ખાતે પ્રવાસન વર્ષની ઉજવણીના સંદર્ભે આજરોજ તા. ૨–૧૨–૨૦૦૬ના રોજ " ટપાલ ટિકિટો " નું પ્રદર્શન મા. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીના વરદ હસ્તે ખુલ્લુ મુકવામાં આવ્યું. આ પ્રસંગે મા. ડે. મેયર શ્રીમતિ સુષ્માબેન અગ્રવાલ, મ્યુ. કમિશ્નરશ્રી પંકજ જોષી, ડાયરેકટર ઓફ પ્લાનીંગ શ્રી જે. એમ. પટેલ, આસી. કમિશ્નરશ્રી સી. વાય. ભટ્ટ, નહેરૂ પ્લેનેટોરીયમ, મુંબઈના શ્રી પીયુષ પાંડે, એમ. એસ. યુનીવર્સીટીપ વડોદરાના મ્યુઝીયોલોજી વિભાગના હેડ શ્રી એન. આર. શાહ, એજયુકેશન ઓફિસરશ્રી, ડીસ્ટ્રીકટ સાયન્સ સેન્ટર, ધરમપુરના શ્રી કાસર, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ. સભ્યશ્રીઓ, શહેરના અગ્રણી ફીલાટેલીસ્ટ તથા ઘણી મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહયા હતા.



આ પ્રદર્શનમાં ટપાલ ટિકિટ બહાર પડી તે પહેલાના કવરો, દુનિયાની સૌ પ્રથમ ટપાલ ટિકિટ, સૌ પ્રથમ એર મેઈલ, સૌ પ્રથમ પોસ્ટ કાર્ડ, મીનીયેચર શીટસ, મેકઝીન કાર્ડ, તેમજ વિવિધ વિષયોને લગતી ટપાલ ટિકિટો પ્રદર્શિત કરવામાં આવેલ છે. " ટપાલ ટિકિટ " ના પ્રદર્શનમાં જે ટપાલ ટિકિટો પ્રદર્શિત કરવામાં આવેલ છે તે પૈકી સુરત શહેરના ઘી સુધીરભાઈ વ્યાસ તરફથી પક્ષીઓ અંકિત કરેલ ટપાલ ટિકિટો અત્રે પ્રદર્શિત કરવા આપવામાં આવેલ છે. આ ઉપરાંત તેમની પાસે પ્રાણીઓ, ફુલો, પતંગીયાઓ, માછલીઓ, જીવજંતુઓ વિગેરેની ટપાલ ટિકિટો પણ સંગ્રહ છે તથા આઝાદી પહેલાંની અને આઝાદી પછીની તેમજ પોસ્ટ અને ટેલીગ્રાફ તથા અન્ય ટપાલ ટિકિટો પ્રદર્શિત કરવામાં આવેલ છે તે સુરત શહેરના શ્રી હિરેનભાઈ ઝવેરીના વિશાળ સંગ્રહ પૈકીની છે. સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમ ખાતે સદર " ટપાલ ટિકિટો " નું પ્રદર્શન તા. ૨–૧૨–૨૦૦૬ થી તા. ૨૦–૧૨–૨૦૦૬ સુધી (સોમવાર અને જાહેર રજાના દિવસો સિવાય) સવારે ૧૦.૪૫ થી સાંજે ૫.૪૫ સુધી નિહાળી શકાશે, જેનો જાહેર જનતાને લાભ લેવા વિનંતી.

TOP

## તા. ૪–૧૨–૨૦૦૬ના રોજ ઉધના તથા વરાછા ઝોનમાં સાકારિત થનાર કાંકરાખાડી પુલ અને નાના વરાછા ફલાય ઓવર બ્રીજની ખાતમુહૂર્તવિધિ

સુરત મહાનગરપાલિકા દ્વારા ઉધના તથા વરાછા ઝોનમાં સાકારિત થનાર બ્રીજની ખાતમુહૂર્તવિધિ મેયર ડો. કનુભાઈ જી. માવાણી ના વરદ્દહસ્તે તા. ૦૪–૧૨–૨૦૦૬ના રોજ સોમવારે સંપન્ન કરવામાં આવેલ જેનો મુખ્ય સમારોહ સવારે ૧૦.૦૦ કલાકે નાના વરાછા જંકશન, ખાતે રાખવામાં આવેલ. વરાછા ઝોનના ઝોનલ ચીફ શ્રી જે. કે. શાહે સમારંભ ખાતે ઉપસ્થિત રહેલ મહાનુભાવોનું સ્વાગત કરતા જણાવ્યું હતું કેસુરત મહાનગરપાલિકા ધ્વારા ઉધના ઝોન વિસ્તારમાં અંદાજીત રૂા. ૭.૭૫ કરોડના ખર્ચે સાકારિત થનાર કાંકરાખાડી પર પુલ તેમજ વરાછા ઝોન વિસ્તારમાં અંદાજીત રૂા. ૮.૦૦ કરોડના ખર્ચે સાકારિત થનાર ફલાય ઓવર બ્રીજની ખાતમુહૂર્તવિધિ જેમના વરદ્ હસ્તે સંપન્ન થઈ છે, તેવા સુરતના પ્રથમ નાગરિક એવા મેયર ડો. કનુભાઈ માવાણી, સમારંભના અતિથિ વિશેષશ્રીઓ ડે. મેયર ડો. સુષ્માબેન અગ્રવાલ, શાસકપક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, સુરત મહાનગપાલિકાની વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, મહાનુભાવો તેમજ ઉપસ્થિત આપ સર્વેનો હું સુરત મહાનગરપાલિકા વતી હાર્દિક સ્વાગત કરૂં છું.

સુરત મહાનગરપાલિકા ધ્વારા વિવિધ સ્થળોએ ફલાય ઓવર બ્રીજ, ખાડી પરના પુલો, રેલ્વે ઓવરબ્રીજ, રોડ ઓવરબ્રીજ, પેડેસ્ટ્રીયન સબ–વે (અંડરપાસ), તાપી પરના પુલો વગેરે સહિત નાના–મોટા અંદાજે ૪૭ પુલોના બાંધકામો કરી શહેરના ઝડપી વિકાસમાં મહત્વનું યોગદાન પૂરૂં પાડેલ છે.



આજરોજ ઉધના ઝોનમાં કાંકરાખાડી પર બ્રીજ બાંધવાના કામની ખાતમુહૂર્તવિધિ સંપન્ન થઈ છે. ઉધના મગદલ્લા રોડ અને બમરોલી, પાંડેસરા વિસ્તારને જોડતા ૮૦ ફૂટના રસ્તા પર કાંકરાખાડી ઉપર ટુ × ટુ લેન પહોળાઈનો બ્રીજ બનાવવાનું આયોજન કરેલ છે. આ પુલની લંબાઈ ૩૦૬ મીટર જેટલી છે. જેમાં સ્પાન સ્ટ્રકચર ૧૮૦ મીટર, બમરોલી તરફે ૧૨૦ મીટર લંબાઈ તેમજ ઉધના મગદલ્લા તરફે ૬ મીટર એપ્રોચ આપવામાં આવનાર છે. આ પુલની બન્ને તરફ ૧.૭૮ મીટર પહોળાઈની ફૂટપાથ પણ બનાવવામાં આવનાર છે. આ પુલ ૧૫ માસમાં બાંધવાનું આયોજન છે.

સુરત મહાનગરપાલિકા ધ્વારા આ પુલનું કામ પૂર્ણ થયેથી શહેરના નાગરિકો ખાસ કરીને ઉત્તરે અલથાણ–ભટાર તથા દક્ષિણે પાંડેસરા જીઆઈડીસી, સચીન જીઆઈડીસી, બમરોલી, દંતોરા, વડોદ જેવા ઔદ્યોગિક વિસ્તારનું જોડાણ શકય બનશે. વધુમાં, આ પુલ ઉધના–મગદલ્લા રોડ અને બમરોલી–અલથાણ જેવા મુખ્ય માર્ગોને જોડતો હોઈ, મુંબઈ તરફ જતાં–આવતાં વાહનો પણ આ પુલનો ઉપયોગ કરશે જેથી સુરત–નવસારી રોડ પરનું ટ્રાફિકનું ભારણ ઘટશે.

સુરત મહાનગરપાલિકા ધ્વારા વરાછા રોડ પર ચાર લેન ટ્રાફિકની પહોળાઈનો ભારતભરનો સૌથી લાંબો ફલાય ઓવર બ્રીજ બાંધવામાં આવેલ જે શહેરને 'ગોલ્ડન કોરીડોર' સાથે જોડે છે. વરાછા મેઈન રોડ પર નાના વરાછા ગામ પાસેના જંકશન પર ફલાય ઓવર બ્રીજ બાંધવાના કામની ખાતમુહૂર્તવિધિ સંપન્ન થઈ છે. નાના વરાછા ગામ પાસેના જંકશન પરના ટ્રાફિકની સુવિધા અને સરળતા માટે સુરત શહેરનો સૌ પ્રથમ ૬ લેન ૨૪.૦ પહોળાઈ આશરે ૫૦૦ મી. લંબાઈ ધરાવતો ફલાય ઓવર બ્રીજ બનાવવામાં આવશે. આ ફલાય ઓવર બ્રીજને ૧૨ મહિનાની સમયમર્યાદામાં બાંધવાનું આયોજન છે.

સુરત મહાનગરપાલિકા ધ્વાર આ ફલાય ઓવર બ્રીજનું કામ પૂર્ણ થયેથી નાના વરાછા ગામ પાસેના જંકશન ઉપર દક્ષિણ તરફનો પૂણા–સિમાડા વિ. વિસ્તારના લોકોનું ટ્રાફિક ભારણ ઓછું થશે. વરાછા મેઈન રોડ શહેરને નેશનલ હાઈવે નં. ૮ને સાંકળતો અગત્યનો રસ્તો હોય સ્વાભાવિક પણે ટ્રાફિકનું ભારણ વધું રહે છે. આ રોડનો ઉપયોગ કરી 'ગોલ્ડન કોરીડોર' મારફત મુંબઈ–અમદાવાદ તરફે જતા આવતા ટ્રાફિકને સ્થાનિક/ક્રોસ ટ્રાફિકથી અલગ કરવામાં આવે તો ટ્રાફિકની સરળતા ચોકકસપણે ઘટશે. ચોમાસા દરમ્યાન ભારે વરસાદ તથા પૂર જેવી પરિસ્થિતિમાં પાણીનો ભરાવો થવાથી 'ગોલ્ડન કોરીડોર' થી શહેરની જોડતો આ કડીરૂપ રોડ પર વાહનવ્યવહાર સ્થગિત થવાની ઘટનાએ આ બ્રીજના બાંધકામથી નિવારી શકાશે. ટ્રાફિકના ભારણમાં ઘટાડો થવાથી પ્રદૂષણની માત્રામાં પણ ઘટાડો થશે. તેવી આશા સાથે આજના આ શુભપ્રસંગે મહાનુભાવોશ્રીઓ તેમજ આપ સર્વેનું સ્વાગત કરી વિરમું છું.

આ પ્રસંગે મેયર ડો.કનુભાઈ માવાણીએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકાએ પ્રાથમિક સુવિધાઓની આવશ્યક સેવાઓ પૂર્ણ કરવા માટે દિર્ઘ દ્રષ્ટીએથી કરેલ આયોજનોથી શહેરનો સમતોલ વિકાસ શકય બનાવ્યો છે. પરંતુ શહેરમાં ટ્રાફીકની સમસ્યા ખૂબ જ વિકટ તથા ગંભીર છે. જેના નિરાકરણ માટે આજે ઉધના તથા વરાછા ઝોનમાં બે બ્રીજોની ખાતમહૂર્તવિધિ સંપન્ન કરવામાં આવી છે. શહેરમાં બ્રીજો બને એ જ જરૂરી નથી પરંતુ બ્રીજોની સુંદરતા જળવાય રહે તે પણ જરૂરી છે. સુરત મહાનગરપાલિકાએ ટ્રાફીકની સમસ્યાના નિવારણ માટે ટૂંક સમયમાં મીની સી.એન.જી. બસોની વ્યવસ્થા કરવા તરફ જઈ રહી છે. જેથી ટૂંક સમયમાં શહેરના વિવિધ વિસ્તારોમાં વિવિધ રૂટો પર મીની સી.એન.જી. બસ ફરતી જોવા મળશે. ૭મી ઓગષ્ટ–૨૦૦૬નાં રોજ શહેરમાં આવેલ પૂર પ્રકોપ બાદ શહેરને જે ઝડપથી ખૂબ જ ટૂંકા સમયમાં ફરીથી સ્વચ્છ અને સુંદર બનાવી વિકાસની હરણફાળ ભરાવીને યથાવત રાખી છે. જે પ્રશંસનીય છે. ભવિષ્યમાં પૂરને નાથવા માટેનું આગોતરા આયોજનો માટે મહાનગરપાલિકા કટીબધ્ધ છે. સુરત ભવિષ્યમાં વિષ્વ મોડેલ સીટી ઓફ વર્લ્ડ બનશે તેવી આશા વ્યકત કરી હતી. સુરત શહેર ટેક્ષટાઈલ, ડાયમંડ, જરી વિગેરે વ્યવસાયને કારણે શહેર ઉદ્યોગોનું કેન્દ્ર બન્યું છે.



અતિથિવિશેષ પદે થી ડે. મેયર ડો. સુષ્માબેન અગ્રવાલે તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે ગોપી તળાવ જેવી દુર્ઘટના ન થાય, તેમજ શહેરના વિકાસ માટે તમામ લોકોનાસાથ સહકારની જરૂરીયાત મળી રહે તેમજ પૂલનું નિર્માણ કાર્ય સમયમર્યાદામાં થાય તેવી આશા વ્યકત કરી હતી.

શાસક પક્ષના નેતા શ્રી રાજેશભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે શહેરમાં પ્રજાજનોની અપેક્ષાઓને સાર્થક કરવા માટે જુદા જુદા વિવિધ પ્રોજેકટો પૈકી આજ રોજ બે પ્રકલ્પો ઉધના તેમજ વરાછા ઝોન ખાતે બ્રીજ બનાવવાની ખાતમુહૂર્તવિધિ આજરોજ સંપન્ન કરવામાં આવેલ છે. ભારતમાં સુરત શહેરને અવ્વલ નંબરે મુકવા માટે અનેક યોજના રજુ કરવામાં આવેલ છે. શહેરનો સમતોલ વિકાસ કેવી રીતે થાય તે અંગે સતત ચિંતન કરવામાં આવે છે. શહેરની જનતાને ટ્રાફીકને કારણે અગવડ ન પડે તે બાબતે શાસકો કાયમી ચિંતિત છે. નગરજનોની લાગણીને ધ્યાને રાખી ટ્રાફીક સમસ્યાના નિરાકરણ માટે ફલાય ઓવર બ્રીજ બનાવવાનું શરૂ કરવામાં આવેલ છે.

જાહેર બાંધકામ સમિતિના અધ્યક્ષશ્રી રાજેન્દ્ર એ. દેસાઈએ મંચ ઉપર બીરાજમાન મહાનુભાવો તેમજ ઉપસ્થિત પ્રજાજનોનો આભાર માન્યો હતો. આ પ્રસંગે અતિથિ વિશેષશ્રીઓ ડે. મેયર ડો. સુષ્માબેન એસ. અગ્રવાલ, શાસકપક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, મહાનુભાવો અને પ્રજાજનો ઉપસ્થિત રહયા હતા.

TOP

# ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૫૦મી પુણ્યતિથિની ઉજવણી

ભારત રત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૫૦મી પુણ્યતિથિ નિમિત્તે તા. ૫–૧૨–૦૬ ના રોજ રાત્રે ૮.૦૦ કલાકે ગાંધીસ્મૃતિભવન,ટીમલીયાવાડ,નાનપુરા,સુરત ખાતે ભાવાંજલિ કાર્યક્રમમાં શ્રી અભેસિંહ રાઠોડ,શ્રી પ્રશાંતગીરી ગોસ્વામી વિ.જાણીતા કલાકારોના સથવારે ડાયરો રાખવામાં આવ્યો હતો. જેમાં મા.મેયરશ્રી.ડૉ. કનુભાઈ માવાણી, ડે.મેયર શ્રીમતી ડૉ. સુષ્માબેન અગ્રવાલ, કલેકટર કુ. વત્સલા વાસુદેવા, જીલ્લા વિકાસ અધિકારી શ્રી વિજય એમ. સોનવણે, મનપાની સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, ઉપાધ્યક્ષા શ્રીમતી છાયાબેન ભુવા તથા ઉપસ્થિત મહાનુભાવોએ દીપ પ્રાગટય કર્યા બાદ ડો.આંબેડકરા જીવનચરિત્ર પર આધારિત નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા તથા ચિત્રકામ સ્પર્ધામાં વિજેતા નિવડેલ ન.પ્રા.શિ.સ.ના તેમજ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને ઈનામો તથા પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ડાયરાની શરૂઆત કરવામાં આવી હતી.  આ પ્રસંગે  અન્ય સમિતિના ચેરમેનશ્રીઓ, સદસ્યશ્રીઓ તથા અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયા હતા. ગાંધીસ્મૃતિભવન ખાતે દલિત વર્ગના નાગરિકો તેમજ અન્ય પ્રજાજનોએ મોટી સંખ્યામાં હાજર રહી ડો. બાબાસાહેબના જીવન પર આધારિત ડાયરાને મનભરી માણ્યો હતો. તથા તા. ૬–૧૨–૦૬ ના રોજ સવારે ૮.૧૫ કલાકે માનદરવાજા રીંગરોડ સ્થિત આવેલ ડૉ.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ કાર્યક્રમ રાખવામાં  આવ્યો હતો. જેમાં  મા.મેયરશ્રી, ડૉ. કનુભાઈ માવાણીએ સૂતરની આંટી અર્પણ કરી વંદના કરી હતી.  ડે.મેયરશ્રીમતી ડૉ. સુષ્માબેન અગ્રવાલ , શાસકપક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, વિરોધપક્ષના નેતાશ્રી યોગેશભાઈ કાપડીયા, સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, મ્યુ.કમિશનરશ્રી પંકજ જોષી, તથા અન્ય સમિતિના ચેરમેનશ્રીઓ, સદસ્યશ્રીઓ તથા મનપાના અધિકારીશ્રીઓ ઉપરાંત કલેકટર કચેરી, જીલ્લા પંચાયતના અધિકારીશ્રીઓ, દલિત સમાજના આગેવાનો, પ્રજાજનો મોટી સંખ્યામા ઉપસ્થિત રહી, ડો.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી ભાવાંજલિ આપી હતી.






આ પ્રસંગે મા.મેયરશ્રીએ ડો.બાબાસાહેબના વિચારો જીવનમાં ઉતારી તેના પર અમલ કરવા સૌને અપીલ કરી જણાવ્યું હતું કે, આજની યુવાપેઢી ડો. આંબેડકરે આપેલા સંસ્કારોનું જતન કરવા અનુરોધ કર્યો હતો.

અંતમાં સૌએ ડો. બાબા સાહેબને સલામી આપીને અંજલિ આપવામાં આવી હતી. ડો.બાબાસાહેબ આંબેડકર'અમર રહો'ના નારાથી વાતાવરણ ગુંજી ઉઠયું હતું.

TOP

## તા. ૬–૧૨–૨૦૦૬ના રોજ લીંબાયત તથા ઉધના ઝોનમાં સાકારિત થનાર નગર પ્રાથમિક શાળા અને ખરવરનગરની પાછળ ઉદ્યાનની ખાતમુહૂર્તવિધિ તથા રાણી લક્ષ્મીબાઈ ઉદ્યાનની લોકાર્પણવિધિ



સુરત મહાનગરપાલિકા દ્વારા લીંબાયત તથા ઉધના ઝોનમાં સાકારિત થનાર નગર પ્રાથમિક શાળાની ખાતમુહૂર્તવિધિ તથા ઉધના ઝોનમાં સાકારિત થયેલ રાણી લક્ષ્મીબાઈ ઉદ્યાનની લોકાર્પણવિધિ તેમજ ટી.પી. સ્કીમ નં.૬ મજુરા ખટોદરા ફાયનલ પ્લોટ નં.૩૭૦ ખરવરનગરની પાછળ ઉદ્યાનની ખાતમુહૂર્તવિધિ મા. મેયર ડો. કનુભાઈ જી. માવાણી ના વરદ્‌હસ્તે તા. ૦૬–૧૨–૨૦૦૬ના રોજ બુધવારે સવારે કરવામાં આવેલ. મ્યુ. કમિશનર શ્રી પંકજ જોષીએ સમારંભ ખાતે ઉપસ્થિત રહેલ મહાનુભાવોનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકા ધ્વારા લીંબાયત ઝોનમાં પ્રાથમિક શાળા, ઉધના ઝોનમાં " રાણી લક્ષ્મીબાઈ ગાર્ડન " ની ઉદઘાટનવિધિ, ખરવર નગર પાસે સાકારિત થનાર ઉદ્યાનની ખાતમુહૂર્તવિધિ જેમના વરદ્ હસ્તે સંપન્ન થઈ છે, તે સુરતના પ્રથમ નાગરિક એવા મા. મેયર ડો. કનુભાઈ માવાણી, સમારંભના અતિથિ વિશેષશ્રીઓ ડે. મેયર ડો. સુષ્માબેન અગ્રવાલ, શાસકપક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, સુરત મહાનગપાલિકાની વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, મહાનુભાવો તેમજ ઉપસ્થિત આપ સર્વેનો હું સુરત મહાનગરપાલિકા વતી હાર્દિક સ્વાગત કર્યુ હતું.

સુરત મહાનગરપાલિકા ધ્વારા પ્રાથમિક શિક્ષણને ઉત્તેજન આપવા માટે વિવિધ ઝોનોમાં પ્રાથમિક શાળાઓની સુવિધા આપવામાં આવી છે. સાઉથઈસ્ટ ઝોન (લીંબાયત)માં પદમાવતી સોસાયટી પાસે ત્રણ માળની નગર પ્રાથમિક શાળા આશરે ૪૯ લાખના ખર્ચે છ માસના ટૂંકા ગાળામાં તૈયાર કરવામાં આવશે. આ શાળામાં પ્રથમ માળે આરોગ્ય વોર્ડ ઓફિસ, સ્ટોર રૂમ, ફાયલેરીયા ઓફિસ, સ્ટોર રૂમ અને આંગણવાડી તથા બીજા માળે અને ત્રીજા માળે આઠ–આઠ વર્ગખંડો બાંધવામાં આવનાર છે. દરેક ફ્લોર પર જેન્ટસ અને લેડીઝ ટોયલેટ તથા પીવાના પાણીની સગવડ રાખવામાં આવેલ છે. પ્રાથમિક શાળા તૈયાર થવાથી પદમાવતી સોસાયટી, મારૂતીનગર, રૂસ્તમપાર્ક, મહાપ્રભુનગર વિગેરે વિસ્તારના નાગરિકોને શાળાની સુવિધા પ્રાપ્ત થશે. સાઉથઈસ્ટ ઝોન (લીંબાયત)માં સને ૨૦૦૬–૦૭માં જુદા–જુદા નાના–મોટા ૧૧ જેટલા કામો પ્રગતિ હેઠળ છે.

ઉધના ઝોનમાં ટી.પી.સ્કીમ નં. ૬ (મજુરા–ખટોદરા) એફ.પી.નં. ૩૫૦, ઉધના મગદલ્લા રોડ ખાતે રાણી લક્ષ્મીબાઈ ગાર્ડનની મા. મેયરશ્રીના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવેલ છે. જેનો રૂલ વિસ્તાર ૧,૦૬૫.૦૦ ચો.મી. છે. જેની પાછળ સુરત મહાનગરપાલિકાએ અંદાજીત રૂા. ૫.૧૧ લાખનો ખર્ચ કરેલ છે. આ બાગમાં રમત–ગમતના સાધનો, વોકવે, બાગબાની લોન પ્લાન્ટેશન, બાકડા વિગેરે જેવી વિવિધ સુવિધાઓ પૂરી પાડવામાં આવેલ છે.



વિરાટ ઔદ્યોગિક શહેર તરીકે વિકસી રહેલ સુરતમાં વધુમાં વધુ ગાર્ડનો તૈયાર કરી પર્યાવરણની શુધ્ધિકરણ તરફ મહાનગરપાલિકા આગેકુચ કરી રહેલ છે. પર્યાવરણની જાળવણી તથા જાહેર જનતાના આનંદ પ્રમોદ તથા હરવા–ફરવાના હેતુથી બનાવવામાં આવેલ છે. હાલમાં જુદા જુદા ઝોનમાં ગાર્ડનને લગતા સિવિલ કામો, કમ્પાઉન્ડ વોલ, ગાર્ડન ડેવલપમેન્ટ જેવા નાના મોટા ૧૯ જેટલા કામો પ્રગતિ હેઠળ છે. આગામી વર્ષમાં મહાનગરપાલિકા ધ્વારા એકવેરીયમ સરોવર અને પીકનીક સ્પોટ/એમ્યુઝમેન્ટ પાર્ક બોટનીકલ ગાર્ડન બનાવવાનું આયોજન છે.

આ ઉપરાંત ટી.પી.સ્કીમ નં. ૬ (મજૂરા – ખટોદરા) ફા. પ્લોટ નં. ૩૭૦, ખરવર નગર ખાતે રૂા. ૪૬ લાખના ખર્ચે ૪૮૧૭ ચો.મી.ના વિસ્તારમાં સાકારિત થનાર ઉદ્યાનમાં સીનીયર સીટીજનો માટે અલગ વ્યવસ્થા, ડેકોરેટીવ લાઈટ પોલ તથા રમત–ગમતના સાધનો ૪૦૦ મી. નો વોકવે અને ઓફિસ તથા પંપ રૂમ વિગેરેની સગવડો ઉપલબ્ધ થશે.

લીંબાયત ઝોનમાં પ્રાથમિક શાળા તૈયાર થવાથી આજુબાજુના વિસ્તારના રહીશોનો પ્રાથમિક શાળાની સુવિધા પ્રાપ્ત થશે. તેમજ ઉધના ઝોનમાં તૈયાર કરવામાં આવેલ " રાણી લક્ષ્મીબાઈ

ગાર્ડન '' નો નગરજનો મનોરંજન અને આનંદ પ્રમોદ માટે મહત્તમ લાભ લેશે એવી આશા વ્યકત કરેલ.

આ પ્રસંગે મેયર ડો.કનુભાઈ માવાણીએ તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે સુરત શહેર વિશ્વમાં ઔદ્યોગિક ક્ષેત્રે મહત્વનું સ્થાન ધરાવે છે. મહાનગરપાલિકા પ્રજાકીય સુવિધાઓની સાથે સાથે પર્યાવરણનું ધ્યાન પણ રાખે છે. શહેરના સીનીયર સીટીઝનો માટે તમામ ઝોનમાં શાંતિકુંજનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ તમામ ગાર્ડનોમાં સંગીત, વાંચનાલયો, ગઝેબો વગેરેની સુવિધા ઉપલબ્ધ કરવી જરૂરી છે.



શહેરની ખમીરવંતી પ્રજાએ ઓગષ્ટ–૨૦૦૬ના પૂર સમયે પોતાની શકિતનો પરિચય આપ્યો જ છે અને શહેરીજનો એક માસના ખૂબ જ ટૂંકા સમયમાં ફરીથી શહેરને સુંદર સ્વચ્છ અને સલામત બનાવવામાં સહભાગી થયા હતા. આવા આપત્તિના સમયે પણ સુરતીઓ તેમના ઉત્સવો જેવા કે, નવરાત્રી, દિવાળી, ચંદનીપડવો ખૂબ ધામધુમથી ઉજવ્યા છે. વધુમાં તેમણે પોતાના વકતવ્યમાં જણાવ્યું કે શહેરના વિકાસની સાથે શહેરની સલામતી તેમજ કુદરતી આફત સામે કેમ રક્ષણ મેળવવું તે અંગે પણ સાવચેતી રાખવી જરૂરી છે. કુદરતી આપત્તિ સામે રક્ષણાત્મક પગલાંનું આયોજન કરવામાં આવ્યું છે. સારો બાગ તૈયાર થયા પછી તેનુ જતન જનતાએ કરવાનું રહે છે. કોઈ પણ શહેરનો વિકાસ લોકભાગીદારીથી જ થતો હોય છે તેથી જ હું લોકભાગીદારી ઉપર ભાર મુકુ છું. લોકભાગીદારીથી જ દરેક કામગીરી સફળ થાય છે. આજના સમયમાં વૃધ્ધાશ્રમ અનિવાર્ય અનિષ્ઠ બન્યું છે. સંસ્કાર અને સંસ્કૃતિનું સિંચન કરવામાં આવે તે માટે શિક્ષણ સંસ્થાઓ તૈયાર કરવામાં આવે છે. ભણતરની સાથે ઘડતર તથા ચણતર થવું જોઈએ તો જ શિક્ષણ લીધેલું સાર્થક ગણાશે. આમ, મહાનગરપાલિકા પ્રાથમિક શાળાઓ ધ્વારા બાળકોના ભણતર–ઘડતર અને ચણતરની દિશા પૂરી પાડે છે.

અતિથિવિશેષ પદે થી ડે. મેયર ડો. સુષ્માબેન અગ્રવાલએ તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે ઉધના વિસ્તારની જનતાની બાગ અંગેની માંગણી ઘણાં લાંબા સમયથી પડતર હતી. જેનું આજે લોકાર્પણ તેમજ ખાતમૂહુર્તવિધિ કરવામાં આવી છે. સુરત ઔદ્યોગીક રીતે ઝડપથી વિકાસ પામતું શહેર છે. બધાની જરૂરીયાતને ધ્યાનમાં રાખી સીવીક સેન્ટર, હેલ્થ સેન્ટર, શાળાઓ તૈયાર કરવામાં આવી છે. દેશના જ નહીં વિદેશના લોકો પણ આ શહેરને જોવા આવી રહયા છે. શહેરના વિકાસ સાથે પર્યાવરણનું પણ ધ્યાન રાખવામાં આવી રહયું છે.

શાસક પક્ષના નેતા શ્રી રાજેશભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે શહેરમાં પ્રજાજનોની અપેક્ષાઓને સાર્થક કરવા માટે જે તક અમોને આપી છે તેને ચરીતાર્થ કરવા એક વર્ષમાં પ્રજા કલ્યાણના કાર્યો કરવામાં આવી રહયા છે. જેમાં આજ રોજ લીંબાયત વિસ્તારમાં પ્રાથમિક શાળા તેમજ ઉધના ઝોન વિસ્તારમાં એક ગાર્ડનની લોકાર્પણવિધિ તેમજ એક ગાર્ડનની ખાતમુહૂર્તવિધિ કરવામાં આવેલ છે. સુરત ને સુંદર બનાવવા માટેની કલ્પના સાકાર કરવા માટે શાસકો અને વહિવટી પાંખ સતત કાર્યરત રહે છે તેમાં પ્રજાનો પૂરતો સહકારની ખેવના કરેલ. પૂર પછી સુરતને ખૂબ જ ટુંકા ગાળામાં બેઠું તેમજ દોડતું કરવામાં આવ્યું તેની અન્ય રાજયના લોકો પ્રશંસા કરે છે. મહાનગરને અવ્વલ નંબરે લઈ જવા માટે શું જરૂરી છે? તે અંગે વિચાર કરવાની જરૂર છે. શહેરનો સમતોલ વિકાસ થાય તે માટે આરોગ્ય, ગાર્ડન, શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ છેવાડાના નાગરિકને ધ્યાને રાખી આયોજન કરવામાં આવે છે.

જાહેર બાંધકામ સમિતિના અધ્યક્ષશ્રી રાજેન્દ્ર એ. દેસાઈએ મંચ ઉપર બીરાજમાન મહાનુભાવો તેમજ ઉપસ્થિત પ્રજાજનો નો આભાર માન્યો હતો. આ પ્રસંગે અતિથિ વિશેષશ્રીઓ ડે. મેયર ડો. સુષ્માબેન એસ. અગ્રવાલ, કમિશનરશ્રી પંકજ જોષી, શાસકપક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, મહાનુભાવો અને પ્રજાજનો ઉપસ્થિત રહયા હતા.

TOP